



કમલમ્‌માં ધમધમાટ - રવિવારે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અચાનક જ કોર કમિટિના સભ્યો સાથે બેઠક કરવાનું નક્કી કરતાં ભારે દોડધામ સર્જાઈ હતી... જોકે સાતના ટકોરે પ્રદેશ ભાજપના તમામ નેતાઓ કમલમ્ પર પહોંચી પ્રધાનમંત્રીને આવકાર્યા હતા... ચૂંટણી બારણે ઉભી છે ત્યારે પ્રધાનમંત્રીએ રવિવારે સાંજે ભાજપના વરિષ્ઠ આગેવાનોને કડક-મીઠી ભાષામાં ચૂંટણી જીતવાના મંત્રો શીખવ્યા હતા... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મન ગુજરાતની ચૂંટણીમાં જંગી વિજયની પરિકલ્પના નિર્ધારીત છે... તેના માટે તેઓ સતત વિચારતા રહે છે અને અમલ કરાવતા રહે છે... દર ૧૫ દિવસે શિક્ષકની જેમ લેશન તપાસવા તેઓ ગુજરાત આવે છે... ગઈકાલે પણ બે કલાક સુધી મુખ્યમંત્રી સહિત વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે નાના-નાના મુદ્દાઓની ચર્ચાઓ કરી હતી... રવિવારે સાંજે પણ દિલ્હી જતા પહેલા વધુ એક વખત ચૂંટણીલક્ષી વાતો દ્વારા પ્રદેશ ભાજપનું સાવધાન કરવાનું ચુક્યા નહોતા.... તેમને ખબર છે કે, ભાજપનો કેટલોક વર્ગ અતિવિશ્વાસમાં તો કેટલોક વર્ગ કામથી દૂર ભાગે છે... કેટલોક વર્ગ વાતોમાં જ માને છે, આ બધુ જ નરેન્દ્ર મોદીની નજરથી બહાર નથી... ગુજરાત ભાજપની રગે-રગ મોદીથી અપરિચિત નથી.. અને એટલે જ સમયે-સમયે તાવ માપતા હોય એ રીતે ભાજપના નેતાઓનું ટેમ્પરેચર માપે છે... તેમની ખાસીયત છે કે, કેટલાકને હસતા હસતા કડવી વખ વાતો કહી જાય છે. અને કેટલાકને વઢીને વાત કરે છે... આજ બતાવેછે કે મોદી અને ગુજરાત એક બીજાના અભિન્ન છે.

# કિસાન સંઘ અને સરકાર વચ્ચેની મંત્રણાઓ નિષ્ફળ

## કિસાન સંઘે સરકારને સદ્‌બુદ્ધિ આપે તે માટે યજ્ઞ કર્યો

ગાંધીનગર, તા. ૨૮

વીજ સમાન દર સહિતની વિવિધ માંગણીઓ સાથે આંદોલન કરી રહેલ ભારતીય કિસાન સંઘના નેતાઓ અને સરકાર વચ્ચે ગઈકાલે યોજાયેલી મંત્રણાઓ તુટી પડી છે.

આજે કિસાન સંઘ દ્વારા સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરકારને સદ્‌બુદ્ધિ આવે અને ખેડૂતોના પ્રશ્નો ઉકેલે તે માટે એક ખાસ યજ્ઞ ''સન્મતિ આપો યજ્ઞદેવતા''નો યજ્ઞ કરવામાં આવ્યો હતો.

કિસાન સંઘ દ્વારા ચાલી રહેલ આંદોલનમાં ગઈકાલે મહિલા સભ્યોએ રેલી યોજી અને તેમના પ્રશ્નોના ઉકેલ માટે પ્રધાનમંત્રીને ઉદ્દેશીને એક પત્ર પણ પાઠવ્યો છે.

કિસાન સંઘ દ્વારા સેન્ટ્રલ વિસ્ટામાં સરદાર પટેલની પ્રતિમા પાસે આંદોલનકારીઓ દ્વારા આંદોલન ચાલી રહેલ છે. ગઈકાલે રાત્રે રાજય સરકારના ત્રણ મંત્રીઓની કમિટી જેમાં ઋષિકેશ પટેલ, જીતુભાઈ વાઘાણી અને રાઘવજી પટેલનો સમાવાશ થાય છે તેમની સાથે કિસાન સંઘના નેતાઓ વચ્ચે માંગણીઓ અંગે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં મંત્રણાઓ યોજાઈ હતી પરંતુ કિસાન સંઘના આગેવાનોએ આજે જ અને અત્યારે નિર્ણય જાહેર કરવાની માંગ કરી હતી. જે પછી મંત્રણાઓ નિષ્કર્ષ વિના પૂરી થઈ ગઈ હતી.

ભારતીય કિસાન સંઘ દ્વારા છેલ્લા ૪ દિવસથી પાટનગરમાં ધરણા ચાલી રહ્યા છે. કિસાન સંઘના નેતાઓએ રિસર્વેમાં જે વિસંગતતાઓ છે તેને લઈ પણ ગઈકાલે રાત્રે યોજાયેલી મંત્રણામાં આક્રોશપૂર્ણ રજુઆત કરી હતી.

ગાંધીનગરમાં એકાએક આંદોલન શરૂ થયા હોવાની વાતને લઈ ભાજપની ટોચની નેતાગીરીએ પણ ગંભીર નોંધ લીધી છે અને વાતાવરણ જે બની રહ્યુ છે તે ભાજપની વિરૂદ્ધમાં જતુ હોવાથી સરકારને આ દિશામાં કાર્યવાહી ઝડપથી સુધરે અને પુનઃ સમરસ વાતાવરણ બને તે જોવા સૂચનાઓ અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

# વરસાદનો હજુ એક રાઉન્ડ ગુજરાતને ઘમરોળશે

## જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે ૩૦ અને ૩૧ ઓગષ્ટે રાજ્યમાં વ્યાપક વરસાદ પડશે : ત્યારબાદ વરસાદનું જોર ઘટશે : સપ્ટેમ્બર માસમાં છુટોછવાયો વરસાદ પડશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં આ વર્ષે ખૂબ સારો વરસાદ પડ્યો છે. મોટા ભાગના વિસ્તારોમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડી ચૂક્યો છે. પરંતુ હજુ આખો ભાદરવો મહિનો બાકી છે જો કે ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હવે આગામી ૩૦-૩૧ ઓગષ્ટના રોજ વ્યાપક વરસાદ પડશે ત્યારબાદ છુટો છવાયો વરસાદ સપ્ટેમ્બર માસમાં નોંધાશે.

વરસાદના મામલે આ વર્ષ ખુબ સારૂ રહ્યુ. અષાઢ મહિના પહેલાથી જ રાજયમાં વ્યાપક વરસાદ વરસી રહ્યો છે. રાજયના મોટા ભાગના વિસ્તારોમાં સિઝનનો પૂર્ણ વરસાદ પડી ચૂક્યો છે. કેટલાક વિસ્તારોમાં તો સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો છે. નદી, નાળા, ચેકડેમ, નાના મોટા બંધો ઓવરફ્લો થઈ રહ્યા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ છલકાઈ ઉઠ્યો છે. નદી-નાળા અને ખેતરો પાણીથી ભરાઈ જતાં આ વર્ષે ખૂબ સારા પાકની અપેક્ષા ખેડૂતો રાખી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો અન્ય વિસ્તારો કરતાં અહી ઓછો વરસાદ વરસ્યો છે તેમ છતાં વાવણીલાયક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ છે. ગાંધીનગરના પાદરેથી પસાર થતી સાબરમતી નદીમાં આ વર્ષે ખુબ પાણી આવ્યુ છે. સંત સરોવર પાંચ વર્ષ બાદ સંપૂર્ણપણે ભરાઈ જતાં તેના દરવાજા ખોલી નદીમાં પાણી છોડાઈ રહ્યુ છે.

વ્યાપક વરસાદ થયો છે ત્યારે હજુ કેટલાક દિવસ વરસાદ પડવાની સંભાવનાઓ છે. ગાંધીનગરના હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી ૩૦-૩૧ ઓગષ્ટના રોજ વરસાદની એક નવી સિસ્ટમ સક્રિય બનવાની અપેક્ષા છે. જેના કારણે સમગ્ર ગુજરાતમાં વ્યાપક વરસાદ પડશે. આખો ભાદરવો મહિનો બાકી છે ત્યારે રાજયના કેટલાક વિસ્તારોમાં હજુ સારો વરસાદ પડી શકે છે. સપ્ટેમ્બર મહિનામાં વરસાદનું જોર ઘટી શકે છે.

# જિલ્લામાં મેઘ મ્હેર પછી પણ ગરમીને લઈ પંખા-એસી ઓન

## રોગચાળા માટે સાનુકૂળ વાતાવરણ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં મેઘ મ્હેર પછી ગરમીનો પારો આજે ઊંચકાયો છે. શહેર-જિલ્લામાં ગરમીનો પારો ૩૨ ડિગ્રી સે. નોંધાયો છે. જો કે આજે નોંધાયેલી ગરમી ૩૯ થી ૪૦ ડિગ્રી હોય તેવુ અનુભવતા લોકોએ જણાવ્યુ હતુ.

ભાદરવા મહિનો એટલે આમ તો રોગચાળાનો મહિનો ગણવામાં આવે છે એટલુ જ નહિ શાસ્ત્રો અને તબીબો પણ એક જ સમય ભોજન લેવુ જોઈએ તેવી સલાહ આપે છે.

ભાદરવા મહિનાનો પ્રારંભ આકરી ગરમીથી થયો છે. આ ગરમીને કારણે વરાપ નીકળતાં ખેડૂતો પણ સતત વરસાદી વાતાવરણ પછી પાકમાં નિંદામણ અને આનુસંગિક કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

જો કે હાલ જિલ્લામાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. દિવસે આકરી ગરમી અને રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. આ બેવડી ઋતુના માહોલમાં મચ્છરોની ઉત્પત્તિ પણ વધી રહી હોવાથી વાહકજન્ય રોગચાળાનો પણ ખતરો ઉભો થયો છે.

જિલ્લામાં હાલ જે વાતાવરણ બન્યુ છે તે રોગચાળાના ભરડો લેવાય તેવુ લાગી રહ્યુ છે.

જિલ્લામાં ૮૭ ટકા વરસાદ વરસી ગયા પછી પણ હજુ પંખા-એસી ઓન છે અને વાતાવરણમાં જે ઠંડકની અનુભૂતિ થવી જોઈએ તે થઈ રહી નથી.

જિલ્લામાં હાલ પેયજળનો પુરવઠો પણ ડહોળો આવી રહ્યો છે. પાણી ઠારવા પછી ડહોળુ પાણીમાં ડહોળાશની માત્રા ઘટે છે પણ ડહોળુ પાણી જ વપરાશમાં લેવુ પડી રહ્યુ છે. આને કારણે ઘરોમાં લોકો હવે આર.ઓ. પ્લાન્ટનો ઉપયોગ ફરજીયાત કરતા થયાં છે.

# પાટનગર યોજના વિભગામાં મંજુર મહેકમ સામે ૫૦ ટકા જગ્યાઓ ખાલી

## વિવિધ ડીવીઝનમાં મેનપાવરના અભાવથી માળખાગત સુવિધાની કામગીરી પ્રભાવિત : મંજુર ૩૮૫ જગ્યા સામે ૧૮૭ ખાલી : નાયબ કાર્યપાલક ઇજનેર, મદદનીશ ઇજનેર, સિનિયર કલાર્ક, કારકુન અને વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ખાલી

ગાંધીનગર તા ૨૮

પાટગર યોજના વિભાગમાં વિવિધ ડિવીઝનની કચેરીમાં મંજુર મહેકમ સામે ૫૦ ટકા જેટલી જગ્યા ખાલી છે ૩૮૫ ના મંજુર મહેકમ સામે હાલની સ્થિતિએ ૧૮૭ જગ્યાઓ ખાલી છે. જેમાં નાયબ કાર્યપાલક ઈજનેર સહીત મોટાભાગે સિનિયર કલાર્ક, વર્ક આશિષ્ટન્ટ , કારકુનની જગ્યાઓ વિશેષ ખાલી છે. માળખાગત સુવિધાની કામગીરીની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના વિભાગમાં લાંબા સમયથી ખાલી જગ્યાઓ ભરાતી નથી જેના લીધે વિવિધ ડીવિઝન કક્ષાએથી થતી કામગીરી પર વિપરિત અસર વર્તાઇ રહી છે. પાટનગર યોજના વિભાગની વહીવટી કામગીરી પણ પ્રભાવિત છે.

પાટનગર યોજના વિભાગ હસ્તક નિભાવણી થતી માળખાગત સુવિધાઓ તબક્કવાર કોર્પોરેશનને ફાળવી દેવાતા વિભાગના વિવિધ ડીવીઝનમાં કામનુ ભારણ ઘટયુ છે. તંત્ર દ્વારા રંગમંચ , લગ્નવાડીનુ રીનોવેશન કરાયા બાદ તબક્કાવાર સેકટરોના રંગમંચ અને લગ્નવાડી સહીત બગીચાઓ પણ કોર્પોરેશને સોંપી દેવાયા છે. જયારે અગાઉ સેકટરોના આંતરિક માર્ગોની જવાબદારી પણ કોર્પોરેશનને સોંપી દેવાતા વિભાગના વિવિધ ડીવિઝન હસ્તકની કામગીરીમાં હાલની સ્થિતિએ શહેરના મુખ્યમાર્ગો પાણી ગટર , જિલ્લાને જોડાતા રસ્તાઓ , નવા અને જુના સરકારી આવાસોને તોડવાનુ અને બાંધવાનુ કામ જ બાકી રહ્યુ છે. ત્યારે પાટનગર યોજના વિભાગના વહીવટી તંત્રમાં પણ હાલ દુબળી ગાયને બગાઇ ઝાઝી જેવી સ્થિતિ સર્જાઇ છે. પાટનગર યોજના વિભાગમાં મંજુર મહેકમ સામે પણ જરૂરી જગ્યાઓ પણ ભરાઇ નથી જેના લીધે કર્મચારીઓની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. જેમાં અધિક્ષક ઈજનેરથી માંડીને કાર્યપાલક ઈજનેર ચોકીદાર અને પટાવાળા સહીતની વિવધ ૧૭ કક્ષાની જગ્યાઓને અનુલક્ષીને સરકાર દ્વારા ૩૮૫ જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. પરંતુ આ મંજુર જગ્યાઓ સામે ૧૮૭ જેટલી જગ્યાઓ હાલની સ્થિતિએ ખાલી છે. જયારે કર્મચારીઓની

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવા માંગ

## સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હવે કોર્પોરેશન હસ્તક છે ત્યારે વરસાદી દિવસોમાં ઉબડ ખાબડ બનેલા રસ્તાઓનુ છેલ્લા ચાર વર્ષથી રીસરફેસીંગ થયુ નથી : દિવાળી પુર્વે રસ્તાઓને ચકાચક બનાવી દેવા માટે સ્થાનિકોની રજુઆત

ગાંધીનગર તા ૨૮

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર વર્ષથી આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી જયારે નિયત સમયગાળાના અંતે પણ માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં ન આવતા વરસાદી દિવસોમાં છેલ્લા બે મહીનામાં સેકટરોના આંતરિક માગો ઉબડ ખાબડ બન્યા છે. માર્ગાનુ ધોવાણ થતા સતત ઉડતી ડામરની કાંકરીના લીધે વાહનચાલકો પણ પરેશાની અનુભવી રહ્યા છે. માર્ગ સલાતમી જોખમાઇ છે. ત્યારે આંતરિક માર્ગોની જાળવણીની જવાબદારી કોર્પોરેશનના શીરે છે ત્યારે વરસાદી દિવસોના અંતે દિવાળી પુર્વે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે સ્થાનિકોએ પ્રબળ માંગ ઉઠાવી છે.

ગાંધીનગર શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ થઇ ગઇ છે. આંતરિક માર્ગો વરસાદી પાણીમાં ધોવાતા ઉબડ ખાબડ અને ખરબચડા માર્ગો પર સતત ઉડતી ડામરની કાંકરીઓના લીધે વાહનચાલકો પરેશાન છે. બીજીતરફ ઉબડ ખાબડ માર્ગો પર વાહન ચાલકોએ બેલેન્સ જાળવવાનુ પણ મુશ્કેલ બનતા અકસ્માતનુ જોખમ વધ્યુ છે. શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ છેલ્લા ચાર વર્ષથી હાથ ધરાયુ નથી જેના લીધે વરસાદી દિવસોમાં માર્ગોની હાલત વધુ ખરાબ થઇ છે. એકબાજુ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ પાસે રોજબરોજ ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. મોટામસ ભુવા અસ્તિત્વમાં આવતા વાહનચાલકો સામે ખતરો મંડરાયો છે. શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ અધુરુ કામ પણ છેલ્લા ૬ મહીનાથી બાકી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્ય ઘ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જો કે સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરાયેલી માર્ગ રીસરફેસીંગની કામગીરીના અંતે સમિટનુ આયોજન પડતુ મુકાયા બાદ માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ બાકી રહી ગઇ હતી આ ઉપરાંત સે-૧૦ અને સે-૧૧ માં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ બાકી છે. જો કે સુત્રોના જણાંવ્યા પ્રમાણે વરસાદી દિવસોના અંતે હવે માર્ગ સુધારણાની બાકી કામગીરી હાથ ધરવામાં આવશે ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની મરામત તેમજ સુધારણા માટે હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી જેમાં સે-૧ થી ૫ માં છેલ્લા ચાર વર્ષના અંતે માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. શહેરના મુખ્ય અલબત્ત ઉભા અને આડા માર્ગોની

● અનુસંધાન પાન-૭ પર






# સે.૨૨ જૈન મંદિરે મહાવીર સ્વામીનું જન્મ વાંચન મહોત્સવ ઉજવાયો

પર્યુષણ પર્વ એટલે જૈન પરિવારો માટે આનંદનું અનેરૂ પર્વ છે. પર્યુષણ પર્વમાં પણ કલ્પસૂત્ર વાંચનનું મહત્વ અનેરૂ છે. આજે કલ્પસૂત્ર વાંચનના બીજા દિવસે મહાવીર જન્મ વાંચન દિન નિમિત્તે જૈન પરિવારો મોટી સંખ્યામાં સે. ૨૨ના જૈન મંદિર ખાતે પહોંચ્યા હતા. ગાંધીનગર શહેરમાં પર્યુષણ મહાપર્વને લઈ તપશ્ચર્યાઓ કરી રહ્યા છે. મહાવીર સ્વામી અહિંસાના ઉદ્‌ગાતા હતા તે સંદેશ સાથે આજે જન્મવાંચન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.આચાર્ય શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પ્રભુ મહાવીર સ્વામીનું જન્મ વાંચન મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી જૈનાચાર્યના પ્રવચનના શ્રવણ સહિત ધાર્મિક પ્રંસગોનો લાભ લીધો હતો.

# શહેરના વાવોલ અને સે. ૫ માંથી સ્વાઈન ફ્લુના કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના આજે વધુ બે કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે પણ સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બે કેસ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૩૧ થઈ છે. શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો છુટા છવાયા મળી રહ્યા છે તેમજ હવે સ્વાઈન ફ્લુના દર્દીઓ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૫ માં ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બન્નેની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# સંક્રમણ ઘટ્યુ : પોઝીટીવીટી રેટ ૧ ટકાથી પણ નીચે

## શહેર-જિલ્લામાં ૪ નવા કેસ : શહેરમાં ૩ કેસ ગ્રામ્યમાં એક કેસ, સરગાસણમાં બે અને સે. ૭માં એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટાડા તરફ આગળ વધી રહ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર પછી આજે કેસોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના આજે માત્ર ૪ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. શહેર-જિલ્લામાં સંક્રમણમાં ઘટાડા સાથે રિકવરી રેટ સુધરી રહ્યો હોવાથી તંત્રએ રાહતની લાગણી અનુભવી છે. શહેર-જિલ્લામાં આજે ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે.

તંત્રએ વેક્સિનેશન અભિયાન સઘન કરવા સાથે સઘન સર્વેલન્સની આપેલી સૂચનાઓ જો કે આજે પણ યથાવત્ રાખી છે. પર્વો અને ઉત્સવોને પગલે ટેસ્ટીંગ ઘટ્યુ છે તેનો આડકતરો એકરાર કરતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે હવે પોઝીટીવીટી રેટ જ ઘટી ગયો છે અને જે ૧ ટકાથી પણ નીચે છે.

ગાંધીનગર જિલ્લામાં આજે માણસા તાલુકામાં એક કેસ નોંધાયો છે. માણસા તાલુકાના ઘમેડા ગામે ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી અને બે દર્દી ૬૦ થી વધુ વયના છે.

શહેરમાં આજે સરગાસણમાંથી બે કેસ અને સે. ૭ માંથી એક કેસ નોંધાયો છે.

# શહેરના ત્રણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કાર્યક્ષમતાના અહેવાલ આપવા આદેશ

## ''ગેમી''ને ૧૫ દિવસમાં અહેવાલ આપવા તાકીદ : શહેરના ત્રણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૮૮ એમ.એલ.ડી. : સરગાસણ નજીક ૬૦ એમ.એલ.ડી.ના એસ.ટી.પી.ની યોજનાની ફાઈલો અભેરાઈએ ચડી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને ગુડા વિસ્તારમાં આવેલ ૩ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તરફથી મળેલ સૂચના અને મુખ્ય સચિવના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં અપાયેલી સૂચના મુજબ ગાંધીનગર મનપા વિસ્તાર અને શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારના ૩ સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટની કામગીરી અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આ કામગીરી ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટને સોંપી છે. કલેક્ટરે આ અંગેના જરૂરી આદેશો કરી ૧૫ દિવસમાં ગેમીને તેનો રિપોર્ટ આપવા માટે તાકીદ કરી છે. ગેમી દ્વારા આ અંગેની કામગીરી પણ આરંભી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરગાસણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને બાસણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી તેમજ કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

આ ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૮૮ એમ.એલ.ડી. જેટલી થાય છે. જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૭૬ એમ.એલ.ડી.નો છે તો સરગાસણ પ્લાન્ટ ૧૦ એમ.એલ.ડી.નો છે અને બાસણનો પ્લાન્ટ બે એમ.એલ.ડી.નો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં વારંવાર ગટરો ઉભરાવવાની વિગતો અખબારોના પાને ચમકતાં કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહે આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કાર્યક્ષમતા ચકાસવા માટેની સૂચનાઓ આપી હતી.

જાસપુર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટેકનીકલ ક્ષતિઓ ઉભી થઈ હોવાની વાતો માર્ગ-મકાન વિભાગે પણ સ્વીકારી છે અને તેથી જ ગટરો ઉભરાવવાની સમસ્યા વણસી રહી હોવાનું મનાઈ રહ્યું છે.

જો કે તાજેતરમાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે પણ જ્યારે માર્ગ-મકાન વિભાગ સાથે આ અંગે બેઠક કરી હતી ત્યારે પણ આજ કારણ રજુ કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની **બીના હસમુખભાઈ મહેતા**નું તા. ૨૭ ઓગસ્ટના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૯ ઓગસ્ટને સોમવારના રોજ સાંજે ૪ થી ૬-૩૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : B-101, સિલિકોન વેલી એપાર્ટમેન્ટ, મહાલક્ષ્મી એપાર્ટમેન્ટની બાજુમાં, વસંત વિહાર ફ્લેટની સામે, કુડાસણ, ગાંધીનગર**

**હસમુખભાઈ મહાદેવભાઈ મહેતા**
**૮૧૫૬૦૦૫૮૮૧**
**પ્રિયાંક હસમુખરાય મહેતા**
**૯૩૨૮૮૧૯૧૮૬**

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com